આજે જિલ્લાના સરપંચોનું મહાસંમેલન

હીના પટેલના હસ્તે ખુલ્લુ મુકાશે : કલેક્ટર, ડી.ડી.ઓ. સહિતના અધિકારીઓ વિશેષ હાજરી આપશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના સરપંચોનું એક મહાસંમેલન જિલ્લા પંચાયતના ઉપકમે આજે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના બ્રહ્માણી હોલ ખાતે યોજાયુ છે.

આ સંમેલનનું જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ મંગલદીપ પ્રગટાવી ખુલ્લુ મુકશે. આ સંમેલનમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાન, જિલ્લા કલેક્ટર ડૉ. પી. સ્વરૂપ વિશેષ હાજર રહેનાર છે.

આરોગ્ય વિષયક જન જાગૃતિ અભિયાનના ભાગરૂપે યોજાઈ રહેલ આ મહાસંમેલનમાં વિકાસની કેટલીક મહત્વની વ્યુહરચનાઓ અંગે પણ ચિંતન થનાર છે. આ મહાસંમેલન જિલ્લાકક્ષાનું પ્રથમવાર યોજાઈ રહ્યું છે. આ મહાસંમેલનમાં જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા વિશેષ માર્ગદર્શન આપવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લામાં વિકાસના કાર્યોને વધુ વેગીલા બનાવવા પર ખાસ ભાર મુકવામાં આવનાર છે. જેમાં ૧૩મા નાણાંપંચની ગ્રાન્ટ સહિત પંચાયતોની આર્થિક સ્થિતિ કેવી રીતે મજબુત બની શકે તેના વિશે પણ ચિંતન કરવામાં આવશે.

ચોમાસુ આવી રહ્યુ હોવાથી વાહકજન્ય રોગચાળો ફાટે નહિ તે માટે કેવા પગલાં લેવા તેમજ પાણીજન્ય રોગચાળા માટે પણ કેવાં પગલાં લેવા તેની સમજ આપવામાં આવશે. આ મહાસંમેલનને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

બ્રહ્માણી હોલ ખાતે એક વિશેષ પ્રદર્શન પણ ઉભુ કરવામાં આવનાર છે તેમજ વિકાસ વિશે શુ શુ કરવુ તેની સમજ આપતુ સાહિત્ય પણ સૌને અપાશે. આ માટે એક વિશેષ હેલ્થ ડેસ્ક પણ ઉભુ કરાશે.

શહેરની ફુટપાથો પર વાહનચાલકોનું વહન, રાહદારીઓ પરેશાન

ટુંકા માર્ગ તરીકે ફુટપાથનો ઉપયોગ કરતા રાહદારીઓને અસલામતી ઉભી થાય છે

ગાંધીનગર, તા. ૨૯

પાટનગર તેના પહોળા માર્ગ અને તેને સમાંતર બનાવેલ ફુટપાથ થકી દેશભરમાં સલામત વાહન વહન માટે જાણીતું બન્યું છે. પરંતુ વાહન ચાલકોની જાગૃતિના અભાવે માર્ગ રચનાને કાળી ટીલી લાગી રહી છે શહેરની ફુટપાથો ઉપર વાહન હંકારી ચાલકો રાહદારીઓને પરેશાન કરી અકસ્માતનો ભેય પેદા કરી રહ્યા છે.

શહેરના મુખ્ય માર્ગોને સમાંતર ફુટપાથ બનાવવામાં આવી છે. જેથી રાહદારીઓ અકસ્માતના ભય વગર ફૂટપાથનો ઉપયોગ કરી શકે તેમજ વાહનચાલકોને પણ વાહન હંકારવામાં અચડણો ઉભી ન થાય તેવો હેતુ આ માર્ગની રચના સમયે હતો. ફુટપાથોને વાહનચાલકોએ ટૂંકા માર્ગ તરીકે અપનાવી બહોળો ઉપયોગ શરુ કરી દીધો છે. જેથી ફુટપાથ પર ચાલતા રાહદારીઓને પરેશાની ભોગવવી પડી રહી છે. ફુટપાથ પર સ્કુટર, બાઈક, સાયકલ, રીક્ષા જેવા વાહનો હંકારવામાં આવે છે જેથી રાહદારીઓને અસલામતી લાગી રહી છે.

ગેરકાયદેસર વાહન ચલાવવાની પ્રવૃત્તિને દંડાત્મક પધ્ધતિથી જ રોકી શકાય છે તેમ શહેરના રહીશ રાકેશભાઈ પટેલે જણાવ્યું છે. મહિલાઓ, બાળકો અને વડીલો ફુટપાથોનો ઉપયોગ વધુ કરતા હોય છે. વહેલી સવારે, સમી સાંજે અને રાત્રીએ ફુટપાથ ભરચક રહે છે અને ત્યારે જ વાહન ચાલકો વાહન ચલાવતા હોય છે. ફૂટપાથનો ઉપયોગ ટૂંકા રસ્તા માટે ચાલકો ફરતા હોય છે તેથી સત્વરે આ સમસ્યાનું નિરાકરણ લાવવું જોઈએ.

સેક્ટર-૩માં પત્ની રિસાઈને પિયર ચાલી જતા પતિએ ગળેફાંસો ખાધો

એક વર્ષ પહેલા જ યુવાનના લગ્ન થયા હતા : ઘરકામ બાબતે સામાન્ય માથાકૂટ થતા શનિવારે પત્ની રીસાઈને ચાલી ગઈ હતી : સવારે પિતાને દૂધ લેવા મોકલીને યુવાને ફાંસો ખાઈ લીધો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સે-૩ એ ન્યુ વિસ્તારમાં રહેતા યુવાનને તેણીની પત્ની સાથે ઘરકામ બાબતે સામાન્ય માથાકૂટ થયા બાદ ગઈ કાલે શનિવારે સવારે પત્ની રિસાઈને પિયર ચાલી ગઈ હતી. પતિને લાગી આવતા આજે સવારે પિતાને દૂધ લેવા મોકલીને યુવાને પોતાના ઘરે જ છતના હુક સાથે બબ્બે દુપટ્ટા બાંધીને ગળેફાંસો ખાઈ લઈ જીવન ટૂંકાવી દીધું હતું. સમગ્ર ઘટનાની જાણ પડોશીએ પોલીસને કરતા સે-૭ પોલીસ બનાવ સ્થળે દોડી આવી હતી અને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ કરાવી વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સે-૩ એ ન્યુ પ્લોટ નં.૪૮૮/૧ ખાતે રહેતા ૩૦ વર્ષીય યુવાન નરેન્દ્રકુમાર -વિણચંદ્ર ભાવસારના લગ્ન એકાદ વર્ષ અગાઉ જ લતાબેન સાથે થયા હતા. નરેન્દ્રકુમાર તેની પત્ની અને પિતા સાથે રહેતો હતો. ઘરના કામકાજ બાબતે નરેન્દ્રને તેની પત્ની સાથે સામાન્ય બોલાચાલી થતા પત્ની ગઈ કાલે પિયર ચાલી ગઈ હતી. પોલીસના જણાવ્યામુજબ આ વાતથી લાગી આવતા આજે સવારે પિતા -વિણચંદ્રને દૂધ લેવા મોકલીને નરેન્દ્રએ પોતાના ઘરે જ આપઘાત કરી લીધો હતો. છતના હુક સાથે બે દુપટ્ટા બાંધી લઈને ગળેફાંસો ખાઈ નરેન્દ્રએ જીવનલીલા સંકેલી નાંખી હતી. પડોશીએ પોલીસને જાણ કરતા સે-૭ પી.એસ.આઈ જી.કે.પરમાર તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને અકસ્માત મોતનો ગુનો નોંધીને બનાવની હકીકત બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

તંત્ર દ્વારા વિવિધ કામો અર્થે ખાડા કરવામાં આવે છે. પરંતુ તેને પુરવાની કામગીરીમાં કાયમ ઢીલાશ જ હોય છે. ગમે તે સમયે આવા નાના બાળકો માટે કેટલું જોખમી છે તેનો અંદાજ કદાચ અધિકારીઓને નહીં હોય અથવા સમજવા હવે.... ની નીતી અપનાવી રહ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

રથયાત્રામાં વેશભૂષામાં સજ્જ ભાવિકોએ ખાસ આકર્ષણ જમાવ્યું

ગાંધીનગર, તા. ૨૯

ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં વિવિધ વેશભૂષામાં સજ્જ બાળકોએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. હાથી પર સવાર ભારત માતાના વેશમાં સજ્જ બાળકીઓ ઉપરાંત ટ્રકમાં ડોરેમોન, ડોનાલ્ડ ડક સહિતના કાર્ટુન પાત્રોનો વેશ પરિધાન કરી બાળકોએ રંગ જમાવ્યો હતો. કલાત્મક બગીમાં પણ એક ભાવિક ભગવાન શિવના વેશમાં સજ્જ થઈને જોવા મળ્યા હતા. રથયાત્રામાં હાથી, ઘોડા ઉપરાંત કલાત્મક બગી આકર્ષણનું કેન્દ્ર બની હતી. વધુમાં હાથમાં ધજા રાખી રથની પાછળ આગળ વધતા બજરંગ દળના યુવાનો પણ યાત્રાની શોભા બન્યા હતા. આ ઉપરાંત

કોઈક ભાવિક ગણપતિ તો કોઈક જલારામ બાપાના વેશમાં પરિધાન થયેલા દ્રશ્યમાન થયેલા જોવા મળ્યા હતા. નિયત રૂટમાં આગળ વધતી રથયાત્રામાં સેકટરોના આંતરિક માર્ગો પર ભાવિકોની વૈવિધ્યસભર વેશભૂષાએ સૌને ધ્યાન આકર્ષિત કર્યા હતા.

સે-૨૪ના ગણેશ મિત્ર મંડળના યુવાનોએ કોમી એખલાસનું ઉદાહરણ પુરું પાડયું

સે-૯ આગળ ઠંડી છાશનું વિતરણ કર્યું : હિન્દુ મુસ્લિમ યુવકોએ સાથે મળીને છાશ વિતરણની સેવાઓ આપી

ગાંધીનગર, તા.૨૯

રથયાત્રા દરમિયાન અનેક સંસ્થાઓ અને ભકતો દ્વારા વિવિધ સેવાઓ આપવામાં આવી હતી. રથયાત્રા જયાં જયાંથી પસાર થતી હતી ત્યાં લોકો ઠંડા પાણી, લીંબુ પાણી, શરબત, આઈસ્ક્રીમ, છાશ વગેરેનું વિતરણ કરતા હતા. બાળકોને ચોકલેટ અને પ્રસાદ આપવામાં આવતો હતો. ભગવાનની આ ભકિતમાં સેકટર-૨૪ના ગણેશ મિત્ર મંડળ દ્વારા પણ અનોખી કોમી એકતા

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

સાથે સેવાનું ઉદાહરણ પુરું પાડવામાં આવ્યું હતું.

આ યુવાનો દ્વારા રથયાત્રિકોને સેકટર-૯ આગળ ઠંડી છાશનું વિતરણ કરાયું હતું. ગણેશ મિત્ર મંડળના યુવાનોએ આ છાશનું વિતરણ પોતાના ખર્ચે કરીને ભગવાન જગન્નાથની સેવામાં પોતાનું યોગદાન આપ્યું હતું. આ ગણેશ મિત્ર મંડળમાં હિન્દુ સહિત મુસ્લિમ યુવકોએ પણ તેમની સેવાઓ આપીને કોમી એખલાસનું અદભૂત ઉદાહરણ પુરું પાડયું હતું. ગણેશ મિત્ર મંડળમાં સેકટર-૨૪ના યુવાનો અજય દરજી, મહેશ દરજી, હારુન દરજી, મેહુલસિંહ ગોહિલ, કેયુર રામી, ઈરફાન મન્સુરી, દેવેન્દ્ર દરજી, સંદિપ ગોસ્વામી, નિશાન દરજી, કલ્પેશ દરજી, મોન્ટુ દરજી, રાજુભાઈ પટેલ, રીંકુ પટેલ, દલપતસિંહ ગોહિલ, આશિષ દરજી અને જીતુભાઈ સોલંકીએ રથયાત્રિકોને ઠંડી છાશનું વિતરણ કર્યું હતું.

અખાડા અને કરાટેના કરતબો આકર્ષણનું કેન્દ્ર બન્યા

આ વર્ષે -થમ વાર ગાંધીનગર શહેરની રથયાત્રામાં અમદાવાદથી જય ગોગા અખાડાના યુવાનો જોડાયા હતા. મોઢામાંથી અગનગોળા નીકાળવા, લોખંડી ચાબુકના દાવપેચ કર્યા ઉપરાંત ટ્યુબ લાઈટ માથે ફોડતા અખાડાના યુવાનો રથયાત્રામાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. તે ઉપરાંત ટેકવોન્ડો કરાટેના વિદ્યાર્થીઓ દ્વારા પણ તલવારબાજી અને સ્વરક્ષણના દાવ બતાવતા તમામ કરતબો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

અખાડાના પ્રયોગ નિદર્શન દરમિયાન યુવાનને ટ્યૂબ લાઈટ વાગતા ઈજા

ગાંધીનગર, તા. ૨૯

ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં હાથી, ઘોડા અને કલાત્મક બગી ઉપરાંત અનેક આકર્ષણો જોવા મળ્યા હતા. સેક્ટરોમાંથી પસાર થતી ભગવાનની રથયાત્રા દરમિયાન આ વર્ષે -થમ વાર અમદાવાદ વાસણા સ્થિત જય ગોગા અખાડાના યુવાનોએ પણ ભાગ લીધો હતો. આ યુવાનો દ્વારા રથયાત્રાના રૂટમાં વિવિધ કરતબો રજુ કરવામાં આવ્યા હતા. જેમાં સ્વરક્ષણ ઉપરાંત તલવારબાજી પણ જોવા મળી હતી. મોઢામાંથી અગનગોળા કાઢવા ઉપરાંત માથામાં ટ્યુબ લાઈટ પછાડી અવનવા -યોગો રજુ કરી આ અખાડાના યુવાનોએ ભાવિકોના દિલ જીતી લીધા હતા. પરંતુ રથયાત્રાના -રંભિક દૌરમાં જ અખાડાના એક યુવાન કૃણાલ નેણવાયાને આંખની ઉપરના ભાગમાં ટ્યુબ લાઈટનો કાચ ઘુસી જતા તેને ઈજાઓ થવા પામી હતી. યુવાનને એમ્બ્યુલન્સની મદદથી સારવાર અર્થે લઈ જવાયો હતો.

સે. ૧૩ની સરકારી શાળામાં ડ્રગ્સ ડે નિમિત્તે વ્યસનમુક્તિ અભિયાન યોજાયુ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સેક્ટર-૧૩ની સરકારી શાળામાં તા. ૨૬મી જૂને 'વિશ્વ ડ્રગ્સ દિવસ' નિમિત્તે વ્યસનમુક્તિ અભિયાન યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હરિકૃપા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા યોજવામાં આવ્યો હતો.

અમદાવાદની જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના નિવૃત્ત ઓફિસ સુપ્રિટેન્ડન્ટ અને હરિકૃપા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ગુલાબચંદ પટેલ દ્વારા વ્યસનમુક્તિ અભિયાન દરમ્યાન વિદ્યાર્થીઓને ડ્રગ્સ જેવા નશીલા પદાર્થો તેમજ તમાકુની બનાવટની ચીજો જેવી કે બીડી, સીગારેટ વગેરેથી થતા નુકસાનની સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત દારૂ અંગે ગાંધીજીના ઉદાહરણ સહિત કેટલાક મનોરંજક કાવ્યો દ્વારા વિદ્યાર્થીઓમાં નશાથી દૂર રહેવા જાગૃતિ લાવવાના પ્રયત્નો કરાયા હતા તેમજ વ્યસન મુક્તિના સંકલ્પ લેવડાવ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્યા શારદાબેન પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યુ હતુ.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૯
સૂર્યાસ્ત : ૭.૨૭

તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૩૩ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
એક વિલન : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હમશકલ : ૩.૪૫, ૧૦.૦૦
એક વિલન : ૧૨.૩૦
: સ્ક્રીન-૩ :
ટ્રાન્સફોર્મર (૩ડી) (અંગ્રેજી) ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫
એક વિલન : ૧૦.૦૦
સ્ક્રીન-૪ :
એક વિલન : ૧૦.૦૦
હોલીડે : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
એક વિલન : ૧૦.૦૦
હોલીડે : ૧.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૫૦, ૭.૧૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૮.૧૫, ૧૧.૩૦, ૯.૨૦
હમશકલ : ૨.૫૦
હોલીડે : ૬.૦૦
: સ્ક્રીન-૩ :
એક વિલન : ૮.૪૫, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
એક વિલને : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦

સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
એક વિલન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હમશકલ : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
એક વિલન : ૪.૧૫

આપની આજ

મેષ : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

વૃષભ : ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે. કોઈની બાબતમાં અન આવશ્યક હસ્તક્ષેપ ન કરવો.

મિથુન : સત્સંગમાં ભાગ લેવાનું થશે. પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

કર્ક : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.

સિંહ : ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

તુલા : આર્થિક રોકાણ વિચારીને કરવું. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

મકર : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

કુંભ : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

મીન : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં ઉન્નતિ થશે. કોઈ અગત્યના કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

ચિરવિદાય

- સ્વ. મનસુકભાઈ ગાંડાભાઈ વઢીયારી (ઉ.વ. ૩૫) ગોકુલપુરા છાપરા, સેક્ટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. ઢબુબેન બેચરજી ઠાકોર (ઉ.વ. ૫૦) ગામ- મોટી આદરજ, તા.જી. ગાંધીનગર.